# એગ્રો ફોરેસ્ટ્રી વાવેતર (રાજ્ય આધારીત) ૨૦૨૩-૨૪

રાજ્ય સરકારના ૧૦૦% સહયોગથી વન વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવશે. મુખ્ય ઉદ્દેશ બીન ઉપજાઉ, પડતર ઓછી ઉત્પાદક ખેતીની જમીનમાં એગ્રો ફોરેસ્ટ્રી થકી ઉપજ વધારવાનો છે. આ યોજના હેઠળ શેઢાપાળે વાવેતર, ઓછી ગીચતા ધરાવતુ વાવેતર તથા બ્લોક પ્લાન્ટીંગ એમ વિવિધ મોડેલ હેઠળ વાવેતર કરવાની જોગવાઇ છે. જે માટે સરકાર તરફથી નિશ્ચિત સહાયની રકમ ચુકવવામાં આવશે. વાવેતર તથા વાવેતર બાદની સંભાળ ખાતેદારે રાખવાની રહેશે. વન વિભાગ તરફથી યથાયોગ્ય માર્ગદર્શન તેમજ ઓછામાં ઓછા ૫૦% જીવંત રોપા હોય તો નાણાંકીય સહાય આપવામાં આવશે. વૃક્ષ સંપદા પર ખેડૂતનો સંપૂર્ણ માલિકી હક્ક રહેશે.

જિલ્લાકક્ષાએ વાવેતર માટે રસ ધરાવતા ખેડુત લાભાર્થીઓની માંગણીઓ મેળવી યાદી તૈયાર કરવામાં આવશે. મંજુર થતા લક્ષ્યાંકને ધ્યાને રાખી લાભાર્થીઓની આખરી પસંદગી યાદી તૈયાર કરી વાવેતરની સિધ્ધિ કરવામાં આવશે.

## એગ્રો ફોરેસ્ટ્રી વાવેતર સહાયના ધોરણ (રાજય આધારીત)

| મોડલ | પ્રતિ હેકટર રોપા | પ્રતિ રોપાનો દર | | | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રથમ વર્ષ | બીજુ વર્ષ | ત્રીજુ વર્ષ | ચોથુ વર્ષ | કુલ |
| શેઢા પાળે | ૧૦૦ | ૧૪/- | ૭/- | ૭/- | ૭/- | ૩૫/- |
| નિમ્ન ઘનતા | ૪૦૦ | ૧૪/- | ૭/- | ૭/- | ૭/- | ૩૫/- |
| મધ્યમ ઘનતા | ૧૦૦૦ | ૮/- | ૪/- | ૪/- | ૪/- | ૨૦/- |
| ઉચ્ચ ઘનતા | ૧૨૦૦ | ૬/- | ૩/- | ૩/- | ૩/- | ૧૫/- |